ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૯ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરના મંદિરોમાં ભક્તિનો માહોલ છવાયો

ચાતુર્માસના પ્રારંભથી શુભકાર્યો પર રોક, હવે નવેમ્બરમાં શુભકાર્યોના મુહૂર્ત આવશે : શહેરના બજારોમાં પર્વોના કારણે ખરીદીનો માહોલ જામ્યો



ગાંધીનગર, તા. ૧૦

અષાઢ સુદ અગિયારસથી ચાતુર્માસનો પ્રારંભ થયો છે. આથી આગામી ચાર મહિના માટે શુભકાર્યો પર રોક લાગી છે. આ ચાર મહિના દરમિયાન લગ્ન, ગૃહપ્રવેશ જેવા પ્રસંગો પણ યોજાતા નથી. હવે ૪ નવેમ્બરે કારતક સુદ અગિયારસ એટલે કે દેવઉઠી અગિયારસની સાથે ચાતુર્માસ પૂર્ણ થશે. આથી નવેમ્બર મહિનામાં લગ્નનાં શુભ મુહૂર્ત આપશે. આ સાથે પર્વોનો પ્રારંભ થવાથી શહેરમાં ભક્તિનો માહોલ જામ્યો છે. મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી રહી છે. શહેરમાં બજારોમાં પર્વોના કારણે ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે.

અષાઢ વદ એકમને ૧૫ જુલાઈથી શહેરના મંદિરોમાં હિંડોળાનો પ્રારંભ થશે. જે શ્રાવણ સુદ એકમને ૧૩મી ઓગષ્ટ સુધી ભક્તજનોને હિંડોળા દર્શનનો લ્હાવો મળશે. હિંડોળાની ઉજવણી પાટનગરમાં શ્રી પંચદેવ મંદિર, સે. ૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર અને ગોવર્ધનનાથજીની હવેલી સે. ૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ઉજવણી કરવામાં આવશે.

અષાઢ સુદ પૂનમને ૧૩મી જુલાઈએ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવશે. અષાઢ સુદ બારસને સોમવારથી ૧૧મીથી જયા પાર્વતી વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે. આમ એક પછી એક પર્વોની હરોળ આ માસમાં હોવાથી શહેરમાં ભક્તિમય માહોલ બન્યો છે. ૨૯મી જુલાઈથી શ્રાવણ માસનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. શિવ મંદિરોમાં શ્રાવણની તૈયારીઓ પૂરજોશમાં કરવામાં આવી રહી છે. આમ, અષાઢ-શ્રાવણ માસમાં શહેર આયખુ ધાર્મિક કાર્યોમાં લીન થયેલું જોવા મળશે.

બજારોમાં વિવિધ ફૂલો ઉપરાંત કમળનું વેચાણ શરૂ

અષાઢ અને શ્રાવણ મહિનો એટલે ભગવાન શિવજીની ઉપાસના તથા ઉપવાસ કરવાનો મહિનો. ચાતુર્માસમાં ઉપવાસ, તપસ્યા, સાધના કરવામાં આવે છે. શ્રાવણનો સોમવાર અને આખો શ્રાવણ ઉપવાસ કરવામાં આવે છે. જેમાં મંદિરોમાં ભક્તોની કતારો લાગે છે. સવારથી લઈ સાંજ સુધી મંદિરોમાં પૂજાવિધિનો મહિમા ચાલે છે તેથી બજારોમાં રંગબેરંગી ફૂલોની આવક વધી ગઈ છે. જેમાં કમળના ફૂલોનું પણ વેચાણ થઈ રહ્યું છે. શિવજીને કમળના ફૂલ ચઢાવવામાં આવે છે.

લગ્નના મુહૂર્ત માત્ર ૧૦ જ શહેરો આ વર્ષે

નવેમ્બરના મુહૂર્ત : તા. ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯

ડિસેમ્બરના મુહૂર્ત : તા. ૨, ૪, ૮, ૯, ૧૪

સેક્ટર-૨૧ ફિઝિયો વર્લ્ડ ખાતે નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરનાં મિલાપ ટાટારિઆ દ્વારા ડૉ. નિધિ ફિઝિયો વર્લ્ડ, સેક્ટર-૨૧ ખાતે ફિઝિયોથેરાપી કેમ્પનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપીસ્ટનાં જાણીતા નિષ્ણાંત ડૉ. નિધિ લેકિનવાલા દ્વારા જરૂરી માર્ગદર્શનની સાથે અદ્યતન મશીનોની મદદથી પ્રેક્ટીકલી સારવાર આપવામાં આવી હતી. આ ફિઝિયોથેરાપી કેમ્પમાં ગાંધીનગર સાહિત્યસભાનાં અધ્યક્ષ સંજય થોરાત, ગાંધીનગર મહાનગરપાલિકાનાં આમ આદમી પાર્ટીનાં કોર્પોરેટર તુષાર પરીખ, ભારતીય જનતા પાર્ટીનાં કોર્પોરેટર હેમા ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતાં અને મોટી સંખ્યામાં ગાંધીનગરનાં સૌ નગરજનોએ કેમ્પનો લાભ લીધો હતો. આ ઉપરાંત આજકાલનાં વધતાં જતા કમર અને ઘૂંટણનાં દુઃખાવા ઘટાડવા માટે કેવા પ્રકારની કસરતો કરવી જોઈએ, કેવી રીતે જીવન જીવવું અને રોજિંદા જીવનનું કાર્ય કેવી રીતે કરવું જોઈએ આ સમગ્ર ડૉ. નિધિ લેકિનવાલાએ લાભ લેનાર લાભાર્થીઓને માહિતી આપી જાગૃતી લાવવા માટેનું ઝુંબેશ હાથ ધર્યું હતું અને ડૉ. નવનીત ઝાલા અને ડૉ. મેઘાવી પટેલે વિશેષ સહભાગી થઈ સેવાનો લાભ લીધો હતો તથા કેમ્પને સરળ રીતે સફળ બનાવવા માટે કોર્પોરેટરો, ડૉક્ટરો અને દરેક લાભાર્થીઓનો મિલાપ ટાટારિઆએ આભાર વ્યક્ત કર્યો હતો.

ચિલોડામાં ગૌરીવ્રત ધારી બાલિકાઓને ભોજન સાથે સૂકા ડ્રાયફ્રૂટનું વિતરણ કરાયું

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા રામજી મંદિર અને નીલકંઠ મહાદેવ મંદિરમાં ગૌરીવ્રત નિમિત્તે વ્રતધારી નાની બાળાઓને મોળી પુરી અને કેરીના રસ સાથે ડ્રાયફ્રૂટનું વિતરણ વિષ્ણુભાઈ વકીલ દ્વારા કરાયું હતું. જ્યારે ગામના સરપંચ શ્રીમતી શ્વેતલબેન જે પટેલ દ્વારા દરેક બાળીઓને ફળફળાદિનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્વયંસેવકો ભાવિક ભક્તજનો ઉપસ્થિત રહી સહયોગ આપ્યો હતો. મોટી સંખ્યામાં વ્રતધારી બાળાઓ હાજર રહી હતી. સવારે બાળાઓને પૂજનવિધિ કરી અર્જના પૂજા કરી હતી.

પંચાયતી રાજ ના જન પ્રતિનિધિઓની સભામાં GMDC ગ્રાઉન્ડ ખાતે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલ સૂચન અનુસંધાનમાં નવા કોબા પગાર કેન્દ્ર શાળા ખાતે શાળા ના ૮૨ માં સ્થાપના દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ અધિકારી અર્ચનાબેન પ્રજાપતિ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંત પટેલ, દંડક તેજલબેન, કોર્પોરેટર પોપટ સિંહ, મીરાબેન, યોગેશભાઈ નાઈ,યોગેશભાઈ પટેલ, મનીષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ કરવા બદલ શાળાના સંચાલક ગણ,વાલીઓ, વિધાર્થીઓ અને દાતાઓને અભિનંદન આપી ઉજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા ફુડ ફોર હંગર તથા ફિઝિકલી ચેલેન્જ અંતર્ગત સેક્ટર ૨૮ ની સરસ્વતી એજ્યુકેશનલ ચેરીટેબલ ટ્રસ્ટ ના મૂકબધિર બાળકો તથા સ્ટાફને લાયન કિનાબેન સુતરીયા ના સહયોગથી મિષ્ઠાન તથા ફરસાણ સાથે નો ફુલ ડીશ નું ભોજન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્લબના પ્રમુખ ડિમ્પલબેન દેસાઈ તથા લાયન્સ ક્લબ ગાંધીનગર ફેમિના ની બહેનોની ટીમે પણ હાજરી આપી હતી.

વધુ વીઆઇપીઓ સાથે ઓછી વસ્તી છતાં સે.૮માં સતાવતી અનેક સમસ્યાઓ

સે.૮ના એકતા ચોક વિસ્તારમાં ભરાતું વરસાદી પાણી અને સેક્ટરમાં રખડતી ગાયો-કૂતરાંનો ત્રાસ : મોટા પ્લોટ્સ છતાં સાંકડા આંતરિક માર્ગો અને એમાં પડતાં ભૂવાંથી પરેશાન વસાહતીઓ : ખૂલ્લી જગ્યાઓમાં વધતી ઝુંપડપટ્ટી અને ખાનગી પ્લોટોમાં વધતી હોસ્ટેલોથી અસમાજિક પ્રવૃત્તિઓનું જોખમ વધ્યું છે.

ગાંધીનગર, તા.૦૫

ગુજરાતના પાટનગર ગાંધીનગરને વિવિધ ૩૦ સેક્ટરમાં વિકસાવાયું હતું અને હવે તેમાં આસપાસના અનેક ગ્રામીણ વિસ્તારોનો પણ સમાવેશ થઈ ચુક્યો છે. જોકે પાટનગરને પ્રારંભિક રીતે સેક્ટરમાં વિભાજિત કરીને વિકસાવતા કેટલાંક સેક્ટરને વીઆઈપી સેક્ટર તરીકે ઓળખ પ્રાપ્ત થઈ છે જેમાં વીઆઈપી નાગરિકો એટલે કે મંત્રીઓ, ધારાસભ્યો કે ઉચ્ચ અધિકારીઓના વસવાટને કારણે તેમ બન્યું છે. આ પ્રકારના સેક્ટરોમાં સેક્ટર-૮નો પણ સમાવેશ થાય છે જે વિસ્તારની દ્રષ્ટિએ તો ઘણું વિશાળ છે પરંતુ તેની સરખામણીએ સેક્ટરમાં રહેણાંક એકમોની સંખ્યા ઓછી છે અને જે છે તેમાં પણ અસંખ્ય મોટા પ્લોટ્સમાં વીઆઈપી નાગરિકો વસવાટ કરી રહ્યાં છે. આ વીઆઈપી નાગરિકોને કારણે એકંદર સેક્ટર-૮માં સમસ્યાઓ ઓછી છે અને જે છે તે સેક્ટરમાં વસતા અન્ય સામાન્ય નાગરિકોના અનુભવાય છે અને તે ઘણે અંશે સાચુ પણ છે. જોકે આ સેક્ટરમાં જેટલી પણ સમસ્યાઓ છે તેટલી સમસ્યાઓમાં વીઆઈપી વસાહતીઓ સિવાયના વસાહતીઓને ભાગે વધુ સમસ્યાઓ સતાવી રહી છે પરંતુ પરેશાનીઓ વીઆઈપી વસાહતીઓને પણ થોડા અંશે ભોગવવાની તો આવી રહી છે.



સેક્ટર-૮ શહેરના પૂર્વ ભાગમાં વીઆઈપી રોડ ગણાતાં "જ" માર્ગથી શહેરના સૌથી વધુ ટ્રાફિક ધરાવતા માર્ગો પૈકી એક એવા "ચ" માર્ગ સુધી વિકસાવાયું છે. આ વીઆઈપી સેક્ટરમાં કુલ સરકારી આવાસો માત્ર ૨૬૦ છે જેમાં ગ-૧ ટાઈપના ૩૨, ઘ ટાઈપના ૩૬, ઘ-૧ ટાઈપના ૧૦૨ અને ચ ટાઈપના ૯૦ આવાસોનો સમાવેશ થાય છે. આ સાથે સેક્ટરમાં ૧૦૪૪ ખાનગી પ્લોટ્સ પૈકી ૮૧ ચો.મી.ના ૨૭૬, ૧૩૫ ચો.મી.ના ૧૬૬, ૨૦૦ ચો.મી.ના ૧૨ અને સેક્ટરને વીઆઈપી બનાવતાં ૨૫૦ ચો.મી.ના ૧૦૬ અને ૩૩૦ ચો.મી.ના ૪૮૪ પ્લોટ્સ વિકસાવાયા હતા. આ સાથે સેક્ટરમાં ઘણી બધી વિશાળ જગ્યાઓ વિવિધ ઉદ્દેશોને આધિન રક્ષિત રખાયેલી જોવા મળે છે. વિશાળ સેક્ટરમાં સરકારી આવાસો અને ખાનગી પ્લોટ્સ મળીને માત્ર ૧૩૦૪ જ રહેણાંક એકમો સાથે વિકસાવાયેલાં આ સેક્ટરમાં સમસ્યાઓ ઓછી અને સુવિધાઓ વધુ હોવાનું પહેલી નજરે વિસ્તારમાં જ વધુ છે કેમકે પેલી કહેવત છે ને કે "રાજાને યુદ્ધ કરતાં વધુ ચિંતા પોતાના ગાલ પર થયેલી ફોડલીની હોય છે".

"ચ" માર્ગ પરથી પ્રવેશતા જ ત્ર્યંબકેશ્વર મહાદેવજીના મંદિર અને મંદિરની બાજુમાં જ રિનોવેટ કરાયેલો શહેરના સેક્ટરોના બગીચાઓ પૈકીનો સૌથી સુંદર બગીચો આવે છે અને સેક્ટરમાં આ ઉપરાંત અંબાજી મંદિર, જળેશ્વર મહાદેવ, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ સાથે ચર્ચ આદર્શ નિવાસી શાળાઓ અને સરકારી છાત્રાલય સાથે કેટલીક સરકારી કચેરીઓ પણ જોવા મળે છે. નાના સરકારી કર્મચારીઓથી માંડીને નિવૃત-પ્રવૃત આઈએએસ, આઈએએસ અને આઈપીએસ અધિકારીઓથી માંડીને મંત્રીઓ ધારાસભ્યો તેમજ માલેતુજારોનો વસવાટ સેક્ટર-૮માં છે. આવા સેક્ટરમાં વસતાં અગ્રણી અને સક્રિય વસાહતી મંગળદાસ પટેલ જણાવે છે કે "સે.૮માં મુખ્ય માર્ગો કરતા આંતરિક રસ્તાઓની હાલત સારી નથી જેનું મુખ્ય કારણ પાટનગર યોજના ભવન અને મહાનગરપાલિકા વચ્ચે થયેલી રસ્તાઓની વંહેચણી છે. વળી સેક્ટરમાં એકતા ચોક તરીકે જાણિતા વિસ્તાર સહિત કેટલાંક ભાગોમાં આંતરીક રસ્તાઓનું લેવલીંગ એટલું નીચું છે કે જેમાં વરસાદી પાણીનો ભરાવો થાય છે જે વધુ વરસાદ હોય તો ઢીંચણ સુધીનો ભરાવો થઈ જાય છે. આ જુની સમસ્યા બાબતે ફરિયાદ કરીએ તો તેની જવાબદારી પાટનગર યોજના ભવન અને મહાનગરપાલિકા બંને એકબીજા પર ઢોળીને સિફતથી છટકી જાય છે. આ ઉપરાંત સેક્ટરમાં વૃક્ષોના ટ્રિમિંગ બાબતે પણ હેરાનગતિ રહે છે કેમકે મુખ્ય માર્ગો પરના વૃક્ષોનું ટ્રિમિંગ થઈ જાય છે પરંતુ આંતરિક માર્ગો પરના વૃક્ષોનું ટ્રિમિંગ કરવામાં આવતું નથી. સેક્ટરમાં બે બોરવેલ પૈકીનો એક બોરવેલ બંધ છે, જે કાર્યરત બોરવેલ છે તે ઊંચા ભાગમાં બનાવ્યો છે, જો નીચાણવાળા ભાગમાં બનાવાયો હોત તો તે વરસાદી પાણીથી રીચાર્જ થાત. હાલ તો સેક્ટરવાસીઓ તંત્ર દ્વારા અપાતાં નર્મદાના પાણીના આધારિત છે."

સેક્ટર-૮માં વસતા ગાંધીનગર સાહિત્ય સભાના પ્રવર્તમાન અધ્યક્ષ સંજય થોરાત જણાવે છે કે "સે.૮માં મંત્રી, ધારાસભ્યો અને સનદી અધિકારીઓ વસે છે. સેક્ટરમાં વસ્તી ઓછી છે અને વિસ્તાર શાંત રહે છે પરંતુ અહીં સૌએ પોતાનું આંગણું ચોખ્ખું રાખવાના ચક્કરમાં પેવર બ્લોકનો ગાલીચો પાથર્યો છે એટલે વરસાદી પાણી જમીનમાં ન જતાં ગટરમાં વહી જાય છે એટલે તાપમાન ઊંચું થયું છે. અહીં દિવસ દરમિયાન રખડતી ગાયોનો અડિંગો જામેલો હોય છે એટલે ગંદકી ફેલાય છે અને અકસ્માતનો ભય રહે છે. છેલ્લા ઘણા સમયથી હવે પેઈંગ ગેસ્ટ ખૂલી જતા મોબાઈલ પર માથું ઘાલી રખડતા યુવાનો ગાયોની બરોબરી પર આવી ગયા છે. સોસાયટીના બગીચામાં સિગારેટ ફૂંકવા અને ટોળ ટપ્પા કરી શાંતિ હણી લીધી છે. જો આ સેક્ટરમાંથી ગાય, વાંદરા અને પીજી હટી જાય તો આના જેટલું સુંદર સેક્ટર એકપણ નથી."

સે.૮માં રહેતાં જાણીતા એડવોકેટ અને બ્રહ્મસમાજના અગ્રણી અશ્વિન ત્રિવેદી પણ જણાવે છે કે "રખડતી ગાયો ઉપરાંત અંહી રખડતાં કૂતરાંઓનો પણ મોટો ત્રાસ છે. આ સાથે સેક્ટરમાં મોટા ખાનગી પ્લોટોમાં વધી રહેલી હોસ્ટેલોમાં કારણે ટ્રાફિક-પાર્કિંગ તેમજ અન્ય સમસ્યાઓ સાથે અસમાજિક દૂષણો વધી રહ્યાં છે. સે.૮માં એક તો આંતરિક માર્ગો પ્રમાણમાં સાંકડા પણ છે અને રસ્તાઓનું લાંબા સમયથી

● અનુસંધાન પાન-૭ પર

"સે.૮માં મુખ્ય માર્ગો કરતા આંતરિક રસ્તાઓની હાલત સારી નથી. સેક્ટરમાં એકતા ચોક તરીકે જાણિતા વિસ્તાર સહિત કેટલાંક ભાગોમાં આંતરીક રસ્તાઓનું લેવલીંગ એટલું નીચું છે કે જેમાં વરસાદી પાણીનો ભરાવો થાય છે જે વધુ વરસાદ હોય તો ઢીંચણ સુધીનો ભરાવો થઈ જાય છે. આ ઉપરાંત મુખ્ય માર્ગો પરના વૃક્ષોનું ટ્રિમિંગ થઈ જાય છે પરંતુ આંતરિક માર્ગો પરના વૃક્ષોનું ટ્રિમિંગ કરવામાં આવતું નથી. સેક્ટરમાં બે બોરવેલ પૈકીનો એક બોરવેલ બંધ છે.

- મંગળદાસ પટેલ,
વરિષ્ઠ નાગરિકો તથા અગ્રણી વસાહતી

ગાંધીનગરનું સેક્ટર - ૮ એટલે વીઆઈપી સેક્ટર. મોટાભાગના અહીં મંત્રી, ધારાસભ્યો અને સનદી અધિકારીઓ વસે છે. ગાંધીનગરના સેક્ટરો પૈકીનો સૌથી સુંદર બગીચો અહીં આવેલો છે. મોટા પ્લોટ હોવાથી વસ્તી ઓછી છે અને વિસ્તાર શાંત. અહીં સૌએ પોતાનું આંગણું ચોખ્ખું રાખવાના ચક્કરમાં પેવર બ્લોકનો ગાલીચો પાથર્યો છે એટલે વરસાદી પાણી જમીનમાં ન જતાં ગટરમાં વહી જાય છે એટલે તાપમાન ઊંચું થયું છે. અહીં દિવસ દરમિયાન ગાયોનો અડિંગો જામેલો હોય છે એટલે ગંદકી ફેલાય છે અને અકસ્માતનો ભય રહે છે. છેલ્લા ઘણા સમયથી હવે પેઈંગ ગેસ્ટ ખૂલી જતા મોબાઈલ પર માથું ઘાલી રખડતા યુવાનો ગાયોની બરોબરી પર આવી ગયા છે. સોસાયટીના બગીચામાં સિગારેટ ફૂંકવા અને ટોળ ટપ્પા કરી શાંતિ હણી લીધી છે. જો આ સેક્ટરમાંથી ગાય, વાંદરા અને પીજી હટી જાય તો આના જેટલું સુંદર સેક્ટર એકપણ નથી.

- સંજય થોરાત
ગાંધીનગર સાહિત્યસભા અધ્યક્ષ અને અગ્રણી વસાહતી

"સેક્ટરમાં મોટા ખાનગી પ્લોટોમાં વધી રહેલી હોસ્ટેલોમાં કારણે ટ્રાફિક-પાર્કિંગ તેમજ અન્ય સમસ્યાઓ સાથે અસમાજિક દૂષણો વધી રહ્યાં છે. સે.૮માં એક તો આંતરિક માર્ગો પ્રમાણમાં સાંકડા પણ છે અને રસ્તાઓનું લાંબા સમયથી રીસરફેસિંગ થયું નથી જેને કારણે કેટલાક રસ્તાઓ પર તો વારંવાર વાહનોના ટાયર પંકચર થવાની ઘટનાઓ સર્જાય છે. સેક્ટરમાં અનેક દિશાસૂચક સાઈનબોર્ડ્સ તુટી ગયાં છે જેનું નવીનીકરણ કરવામાં આવતું નથી."

-અશ્વિન ત્રિવેદી
જાણીતા એડવોકેટ તથા અગ્રણી વસાહતી

જન્મદિને વધામણી



હર્શલ રાકેશ ભ્રહ્મભટ્ટ
મો. ૯૬૬૨૮ ૪૦૪૦૩

રવિ એમ પટેલ

હીરાબેન અંબવાણી

શ્લેક મેઘરાજાણી

ઉષા ચૌહાણ

વૈભવસિંહ મેહુલસિંહ બિહોલા
મો. ૭૭૭૯૦૨૭૨૭૧

રાજ્યમાં કોરોનાના નવા ૫૪૬ કેસ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતમાં કોરોનાના નવા ૫૪૬ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૪૬૩ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૨,૨૨,૮૪૪ નાગરિકો હરાવી પણ ચુક્યાં છે. જો કે સતત વધી રહેલા કેસના કારણે રિકવરી રેટ ઘટીને ૯૮.૭૯ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કે રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૮,૮૭૬ નાગરિકોને રસીના કુલ ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૪૧૨૯ એક્ટિવ કેસ છે. જે પૈકી ૪ નાગરિક વેન્ટીલેટર પર છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. યાદવ કમલેશકુમાર લાલસિંહ, ઉ.વ. ૩૩, ડભોડા.
- સ્વ.ગોહિલ ભીખાજી તખાજીજ, ઉ.વ.૩૯, બીલમણા
- સ્વ.સુથાર હેમંત પ્રેમાનંદ, ઉ.વ.૬૨, સેક્ટર-૪
- સ્વ.ચૌહાણ દોલતસિંહ વિશાજી, ઉ.વ.૭૨, પેથાપુર.
- સ્વ.આસોડિયા સુમનચંદ્ર દલાભાઈ, ઉ.વ.૭૬, સેક્ટર-૫